પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૧ | ૨૩ માર્ચ, ૨૦૧૭, ગુરૂવાર ; ફાગણ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# યોગી મંત્રીમંડળમાં વિભાગોની ફાળવણી

**આદિત્યાનાથ યોગીએ ગૃહ વિભાગ સહિત ત્રણ ડઝન વિભાગ પોતાની પાસે જ રાખ્યા : નાબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યને લોક નિર્માણ વિભાગ અને બીજા નાયબ મુખ્યમંત્રી દિનેશ શર્માને માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ મંત્રીની જવાબદારી**



લખનૌ, તા.૨૨

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળી લીધાના ત્રણ દિવસ બાદ જ યોગી આદિત્યનાથે પોતાના મંત્રીઓ વચ્ચે વિભાગોની ફાળવણી કરી દીધી હતી. દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અન્યો સાથે વાતચીત કર્યા બાદ યોગીએ આ યાદી રાજ્યપાલને મોકલી દીધી હતી. યોગી આદિત્યનાથે ગૃહ અને રાજશ્વ જેવા મહત્વપૂર્ણ ખાતા પોતાની પાસે રાખ્યા છે. આશરે ત્રણ ડઝન જેટલા વિભાગો મુખ્યમંત્રીએ પોતાની પાસે રાખ્યા છે. નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યને લોક નિર્માણ વિભાગ (પીડબલ્યુડી)ની જવાબદારી સોંપવામાં આવી છે. જ્યારે બીજા નાયબ મુખ્યમંત્રી દિનેશ શર્માને માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ મંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. નાણા વિભાગ રાજેશ અગ્રવાલને સોંપવામાં આવ્યું છે. સૂર્યપ્રતાપ સાહુને કૃષિનું ખાતું અપાયું છે. સતિષ મહાનાને ઔદ્યોગિક વિકાસની જવાબદારી સોંપવામાં આવી છે. ખાતાઓની ફાળવણી કરવામાં આવ્યા બાદથી તમામ પ્રધાનો સાથે જુદી જુદી વાતચીત

● અનુસંધાન પાન-૭ પર

# જીએસટી અમલીકરણ બાદ મોંઘવારી ઘટશે

**કરચોરીને રોકવામાં જીએસટીના કારણે મદદ મળશે : નાણામંત્રી : સરકાર દ્વારા લેવામાં આવી રહેલા સુધારા પગલાની અસર દેખાઈ રહી છે : ભારતનો વિકાસ દર ૭-૮ ટકાની આસપાસ પહોંચશે**

નવી દિલ્હી, તા.૨૨

નાણામંત્રી અરૂણ જેટલીએ આજે કહ્યું હતું કે સરકાર વર્ષ ૨૦૧૬-૧૭માં નાણાકીય વર્ષમાં સુધારવામાં આવેલા ટેક્સ ટાર્ગેટ ૧૭ લાખ કરોડમાં પણ સુધારો કરી શકે છે. દેશમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. ૩૧મી માર્ચના દિવસે પુરા થઈ રહેલા ૨૦૧૬-૧૭ના નાણાંકિય વર્ષમાં ટેક્સ વસુલાતના ટાર્ગેટને વધારવામાં આવી શકે છે. વર્ષ ૨૦૧૬-૧૭ના નાણાકીય વર્ષના પ્રથમ ૧૦ મહિનામાં મેટ ટેક્સ રિસિપ્ટનો આંકડો ૮.૧૬ લાખ કરોડનો નોંધાયો છે. સરકારી ડેટામાં આ મુજબની વાત કરવામાં આવી છે. નાણાકીય વર્ષના છેલ્લા બે મહિનામાં સામાન્ય રીતે સરકારના ટેક્સ રિસિપ્ટમાં વધારો થાય છે. લોકસભામાં જેટલીએ માહિતી આપતા કહ્યું હતું કે સરકાર એક્સાઈઝ અને કસ્ટમ એક્ટમાં સુધારો કરવા એક બિલ લાવશે. સાથે સાથે જીએસટી પર ચાર બિલની સાથે આ બિલને લાવવામાં આવનાર છે. જેટલીએ અન્ય વિષય ઉપર પણ વાત કરી હતી. પહેલી જુલાઈથી જીએસટીને અમલી બનાવી દેવામાં આવશે તેવી આશા વ્યક્ત કરતા તેમણે કહ્યું હતું કે જીએસટી અમલી બન્યા બાદ ચીજવસ્તુઓ સસ્તી થશે. વિશ્વના સૌથી મોટા સિંગલ માર્કેટ

● અનુસંધાન પાન-૭ પર



# પંજાબમાં નવજોત સિદ્ધુના મંત્રીપદ મામલે ભારે વિવાદ

**જરૂર પડશે તો સિદ્ધુનું ખાતું બદલી દેવાશે : અમરિન્દર ધ કપિલ શર્મા શોમાં સિદ્ધુની ઉપસ્થિતિને લઈને વિરોધી પક્ષો ભારે નારાજ છે : અમરિન્દરને સ્પષ્ટતા કરવી પડી**



નવી દિલ્હી,તા. ૨૨

પંજાબના પ્રધાન તરીકે રહીને નવજોત સિદ્ધુ કપિલ શર્મા શોમાં ભાગ લઈ રહ્યા છે. જેના પરિણામ સ્વરૂપે હવે પ્રશ્નો ઉઠવા લાગી ગયા છે. નવજોત સિદ્ધુ કપિલ શર્મા શોમાં રહેતા વિવાદ સર્જાતા મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દરસિંહે મોટું નિવેદન કર્યું છે. પંજાબના મુખ્યમંત્રીએ કહ્યું છે કે જો સિદ્ધુના ટીવી શોમાં કામ કરવાની બાબત નિયમ મુજબ રહેશે નહીં તો તેમના મંત્રાલયને બદલી નાખવામાં આવશે. કેપ્ટન અમરિન્દર સરકાર નજોત સિદ્ધુની સ્થાનિક એકમો અને પ્રવાસ મંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. આજે મુખ્યમંત્રીએ દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરી હતી. મોદી સાથે શિષ્ટાચારરૂપે ભેટ કર્યા બાદ અમરિન્દરસિંહે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે આ સંદર્ભમાં એજીના અભિપ્રાય મેળવવામાં આવી રહ્યા છે. એજીના અભિપ્રાય બાદ જ યોગ્ય પગલા લેવામાં આવનાર છે. બીજી બાજુ સિદ્ધુએ પહેલાથી જ કહ્યું છે કે તેઓ ટીવી શોમાં કામ કરવાનું જારી રાખશે. કપિલ શર્મા શો કરવાની વાત કરતા વિપક્ષે શ્રેણીબદ્ધ પ્રશ્નો ઉઠાવ્યા છે. સિદ્ધુએ વિરોધીઓ ઉપર પ્રહાર કરતા કહ્યું છે કે તેઓ ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીમાં ૭૦-૮૦ ટકા કામ છોડી ચુક્યા છે. તેઓ સાતેય દિવસ સવારથી લઈને સાંજે છ વાગ્યા સુધી કામ કરે છે. સાંજે છ વાગ્યા બાદ શું કરે છે તેને લઈને કોઈએ પ્રશ્નો કરવા જોઈએ નહીં. સિદ્ધુનું કહેવું છે કે તેમનું આ કામ ઓફિસ ઓફ પ્રોફિટની હદમાં પણ આવતું નથી. બીજી બાજુ એક મંત્રીના કોડ ઓફ કન્ડેક્ટની દ્રષ્ટીએ પણ સિદ્ધુના ટીવી શોમાં કામ કરવાને લઈને ટીકા ટિપ્પણી કરવામાં આવી રહી છે. મીડિયા રિપોર્ટના કહેવા મુજબ એક મંત્રીને કોડ ઓફ કન્ડક્ટ તેમને આ કામ કરતા રોકે છે. શો પ્રોડ્યુસર અને ચેનલની સાથે તેમની વાતચીત કયા પ્રકારની છે તે બાબત ઉપર કોડ ઓફ કન્ડક્ટ સિદ્ધુના મામલામાં લાગુ પડે છે.

## ન્યુઝ ટ્રેક

### યુપીના ધારાસભ્યોને પાણીપુરીની પાર્ટી

ભારતીય જનતા પાર્ટીના ઉત્તરપ્રદેશના વિજેતા ધારાસભ્યો માટે પાણીપુરીની પાર્ટી યોજાઈ હતી. જેમાં મુખ્યમંત્રી સહિત મંત્રીમંડળના સભ્યો અને ધારાસભ્યો તથા પક્ષના હોદ્દેદારોએ પાણીપુરીની જયાફત માણી હતી.

### કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી એસ.એમ. કૃષ્ણા ભાજપમાં જોડાયા



યુપીએ સરકારના વિદેશમંત્રી અને કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી એસ.એમ. કૃષ્ણા રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહની હાજરીમાં વિધિવત રીતે ભાજપમાં જોડાયા હતા.

### કેપ્ટન અમરીંદરસિંહ પ્રધાનમંત્રીને મળ્યા

પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન



અમરીંદરસિંહ બુધવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઔપચારિક મુલાકાત લીધી હતી. પંજાબના વિકાસમાં કેન્દ્રના સહયોગની અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી.

### દેવધર ટ્રોફીમાં રોહિત શર્મા કરશે સુકાની



બીસીસીઆઈ ૨૦૧૭ની દેવધર ટ્રોફી માટે ઈન્ડિયા રેડ અને ઈન્ડિયા બ્લૂ ટીમની જાહેરાત કરી દીધી છે. જેમાં રોહિત શર્માને ઈન્ડિયા બ્લૂની કેપ્ટનશીપ સોંપવામાં આવી છે.

### અંગૂરીભાભીની રોજની ૪૦ હજારની કમાણી

'ભાભીજી ઘર પર હૈ' ખુબ જ લોકપ્રિય કોમેડી ધારાવાહિક છે.




આ શૉ ની લોકપ્રિય અભિનેત્રી શુભાંગી માત્રે એટલે કે અંગૂરી ભાભીને રોજના ૪૦ હજારની ફી ચુકવવામાં આવે છે. જો કે અન્ય કલાકારો કરતા તેની ફી ઓછી છે.

### ઓછી નીંદ્રામાં ભારત આગળ

સારા સ્વાસ્થ્ય માટે ઉંઘ કસરત જેટલી જ જરૂરી છે. પરંતુ ભારતીયો સારી ઉંઘ મેળવવામાં સૌથી પાછળ છે. આંતરરાષ્ટ્રીય રીસર્ચ અહેવાલમાં જણાવ્યા મુજબ ભારતીયો ૬ કલાક ૫૫ મિનિટની ઉંઘ લે છે જે વિશ્વમાં ઓછી ઉંઘમાં બીજા નંબરે છે.

### યુવરાજને મળવા માટે ઉત્સાહિત અફઘાન ખેલાડી

અફઘાનિસ્તાનના ૧૮ વર્ષના સ્પિનર રાશિદ ખાન આઈપીએલ દરમ્યાન યુવરાજસિંહ સાથે એક ડ્રેસિંગરૂમ શેર કરવા બાબતે ખૂબ ઉત્સાહિત છે. રાશિદ ખાનને ૪ કરોડ રૂપિયામાં સનરાઈઝર્સ હૈદ્રાબાદ દ્વારા ખરીદાયો છે.

# રાષ્ટ્રપતિ ચૂંટણી સુધી યોગી, પારિકર, મૌર્ય સંસદમાં હશે

**સાંસદમાંથી મુખ્યપ્રધાન અને નાયબ મુખ્યપ્રધાન બનેલા ભાજપના આ સભ્યોની પાસે હજુ છ મહિનાનો સમય છે**



નવી દિલ્હી,તા. ૨૨

ભાજપના ત્રણ સાંસદ યોગી આદિત્યનાથ, મનોહર પારિકર અને કેશવ પ્રસાદ મૌર્ય જુલાઈમાં યોજાનાર રાષ્ટ્રપતિની ચૂંટણી સુધી સંસદ છોડનાર નથી. આ ત્રણેય સભ્યો સંસદ સભ્ય તરીકે રાજીનામુ આપશે નહી. હાલમાં યોજાયેલી પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ આવ્યા બાદ આ ત્રણેય સાંસદોને ઉત્તરપ્રદેશ, ગોવામાં પાર્ટી દ્વારા જવાબદારી સોંપી દેવામાં આવી છે. આ જવાબદારી તેઓ અદા કરશે પરંતુ રાષ્ટ્રપિતની ચૂંટણીને ધ્યાનમાં લઈને પોતાની સંસદ સભ્ય તરીકે જગ્યા છોડશે નહી. મનોહર પારિકરને હાલમાં જ ગોવાના મુખ્યપ્રધાન બનાવવામાં આવ્યા છે. પારિકર ભાજપના રાજ્યસભાના સભ્ય તરીકે છે. જ્યારે યોગી આદિત્યનાથને ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન બનાવી દેવામાં આવ્યા છે. કેશવ પ્રસાદ મૌર્યને ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યપ્રધાન બનાવવામા આવ્યા છે. યોગી ગૌરખપુરમાંથી અને મૌર્ય ફુલપુરમાંથી ભાજપના સાંસદ તરીકે રહ્યા છે. સાંસદમાંથી મુખ્યપ્રધાન અને નાયબ મુખ્યપ્રધાન બનેલા ભાજપના આ સભ્યોની પાસે હજુ છ મહિનાનો સમય રહ્યો છે. એટલે કે તેમની પાસે રાજીનામુ આપી દેવા માટે સપ્ટેમ્બર સુધીનો સમય રહ્યો છે.

# બ્રિટનમાં સંસદની બહાર અંધાધૂંધ ગોળીબાર

**ગોળીબારમાં ડઝનથી વધુ લોકોને ઈજા : બે હુમલાખોરો દ્વારા કરાયેલો હુમલો કમાન્ડોએ મોરચા સંભાળ્યા : હાઉસ ઓફ કોમન બંધ : એકને ઠાર મરાયો**

લંડન, તા.૨૨

બ્રિટનમાં સંસદની બહાર ગોળીબાર કરાતા સનસનાટી મચી ગઈ છે. અંધાધૂંધ ગોળીબારમાં ઓછામાં ઓછા ૧૫થી વધુ લોકો ઘાયલ થયા છે. બ્રિટનની સંસદની ઈમારતને પણ સીલ કરી દેવામાં આવી છે. મળેલી માહિતી મુજબ સંસદની અંદર એક વ્યક્તિને ચાકુ મારી દેવામાં આવ્યું હોવાની વિગતો મળી છે. પોલીસે હુમલાખોરને ઠાર મારી દીધો છે. બ્રિટનના એક મંત્રીએ માહિતી આપતા કહ્યું છે કે હુમલાખોરને પોલીસે મોતને ઘાટ ઉતારી દીધો છે. પ્રધાને એમ પણ કહ્યું છે કે સંસદની અંદર રહેલા સ્ટાફને અંદર રહેવા માટે જ સૂચના આપવામાં આવી હતી. સાંસદોને ત્રણ અથવા ચાર વખત ગોળીબારનો અવાજ અગાઉ સંભળાયો હતો. બ્રિટનમાં સંસદીય ઈમારતની બહાર બે લોકો દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હોવાની વિગતો મળી છે. હાઉસ ઓફ કોમન સેશનને સસ્પેન્ડ કરી દેવાની કામગીરી તરત હાથ ધરવામાં આવી હતી. બીજી બાજુ વેસ્ટ મિન્સટર પેલેસ અથવા તો વેસ્ટમિન્સટર રાજ મહેલને બંધ કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. સરકારી પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે વડાપ્રધાન થેરેસા મે હુમલા બાદ સંપૂર્ણપણે સુરક્ષિત છે. સમાચાર સંસ્થાના ફોટોગ્રાફરે ફોટામાં દર્શાવ્યું છે કે ઓછામાં ઓછા ૧૨થી વધુ લોકો ઘાયલ થઈ ગયા છે. સંસદ નજીક વેસ્ટ મિન્સ્ટર બ્રિજ ઉપર આ બનાવ બન્યો હતો. હાઉસ ઓફ કોમનના લીડર ડેવિડે માહિતી આપતા કહ્યું છે કે સશસ્ત્ર દળો દ્વારા સંસદીય ઈમારતને ઘેરી લેવામાં

● અનુસંધાન પાન-૭ પર














